**GUJARAT BILL NO. 21 OF 2026.**

# GUJARAT NATURAL FARMING SCIENCE UNIVERSITY (AMENDMENT) BILL, 2026.

*A BILL*

*further to amend the Gujarat Natural Farming Science University Act, 2017.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૧.**

## ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૬.

**ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** આ અધિનિયમ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૧૬મો.

**૨.** ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭માં, ખંડ (૧)માં, "ડિપ્લોમા," એ શબ્દને બદલે, "ડિપ્લોમા, પૂર્વસ્નાતક," એ શબ્દો સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખથી અમલમાં આવે તેમ મૂકવામાં આવ્યા છે એમ ગણાશે. સન ૨૦૧૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૭નો સુધારો.

સન ૨૦૧૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૧૨-નો સુધારો.

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (30)માં, " ડિપ્લોમા," એ શબ્દને બદલે, "ડિપ્લોમા, પૂર્વસ્નાતક," એ શબ્દો સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખથી અમલમાં આવે તેમ મૂકવામાં આવ્યા છે એમ ગણાશે.

સન ૨૦૧૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪માં, પેટા-કલમ (૩)માં, ખંડ (૧૨)માં, "વ્યાવસાયિક અભ્યાસક્રમ," એ શબ્દને બદલે, "વ્યાવસાયિક અભ્યાસક્રમ, પૂર્વસ્નાતક," એ શબ્દો સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખથી અમલમાં આવે તેમ મૂકવામાં આવ્યા છે એમ ગણાશે.

સન ૨૦૧૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૩૨-નો સુધારો.

**પ.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૨-માં, પેટા-કલમ (૧)માં, "અનુસ્નાતક અને ડોક્ટરલ પદવી કાર્યક્રમો," એ શબ્દોને બદલે, "સ્નાતક, અનુસ્નાતક અને ડોક્ટરલ પદવી કાર્યક્રમો" એ શબ્દો સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખથી અમલમાં આવે તેમ મૂકવામાં આવ્યા છે એમ ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યમાં નેચરલ ફાર્મિંગ (પ્રાકૃતિક ખેતી) અને ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ સાયન્સ (જૈવિક કૃષિવિષયક વિજ્ઞાન)ના વિકાસ માટે યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા માટે, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ અધિનિયમિત કર્યો હતો.

સદરહુ અધિનિયમની કલમો ૭(૧) અને ૩૨(૧)ની વિદ્યમાન જોગવાઈઓ પ્રમાણે, ખાસ કરીને, યુનિવર્સિટીને ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમો ચલાવવાની સત્તા મળે છે. તેમ છતાં, પૂર્વસ્નાતક પદવી આપવા માટે કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. પૂર્વસ્નાતક અભ્યાસક્રમોને વૈધાનિક પીઠબળ (સ્ટેચ્યૂટરિ બેકિંગ) પૂરું પાડવાની જોગવાઈ કરવા માટે તદનુસાર, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ સુધારવાનું જરૂરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ: ૨૪મી ઓગસ્ટ, ૨૦૨૬.

**જીતુભાઇ વાઘાણી**

## પુરવણી

## ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭

**(સન ૨૦૧૭ના ગુજરાતના ૧૬-મા) માંથી ઉતારા.**

---

યુનિવર્સિટીની સત્તા અને તેના કાર્યો.

**૭.** યુનિવર્સિટીને નીચેની સત્તા અને કાર્યો રહેશે:-

(૧) ઓર્ગેનિક એગ્રિકલ્ચરમાં અને યુનિવર્સિટી યોગ્ય ગણે તેવા બીજા ક્ષેત્રોમાં ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમના પ્રશિક્ષણ માટેની જોગવાઇ કરવાની;

(૨) થી (૨૮) XXX XXX XXX

બોર્ડની સત્તા અને તેના કાર્યો.

**૧૨.** (૧) XXX XXX XXX

(૨) પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, બોર્ડ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો કરશે:-

(૧) થી (૨૯) XXX XXX XXX

(૩૦) ડિપ્લોમા, અનુસ્નાતક અને વ્યાવસાયિક અભ્યાસક્રમો, અધ્યાપન, સંશોધન અને વિસ્તરણ શિક્ષણને ઉત્તેજન આપવાની તમામ સત્તા વાપરવી;

(૩૧) થી (૩૩) XXX XXX XXX

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને તેના કાર્યો.

**૧૪.** (૧) અને (૨) XXX XXX XXX

(૩) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એકેડેમિક કાઉન્સિલને નીચેની સત્તા રહેશે:-

(૧) થી (૧૧) XXX XXX XXX

(૧૨) ડિપ્લોમા, વ્યાવસાયિક અભ્યાસક્રમ, અનુસ્નાતક શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે દરખાસ્ત કરવાની;

(૧૩) થી (૧૫) XXX XXX XXX

શૈક્ષણિક કાર્યક્રમો.

**૩૨.** (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના શિક્ષણમાં, ઠરાવવામાં આવે તેવા ઓર્ગેનિક એગ્રિકલ્ચર (જૈવિક કૃષિ) અને સંલગ્ન વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાંના

અનુસ્નાતક અને ડોક્ટરલ પદવી કાર્યક્રમો, ટૂંકી મુદતના ડિપ્લોમા, પ્રમાણપત્ર અથવા વ્યાવસાયિક અભ્યાસક્રમોનો સમાવેશ થશે.

| | | | |
|---|---|---|---|
| (૨) અને (૩) | XXX | XXX | XXX |

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૧.]**

**ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.**

**[શ્રી જીતુભાઇ વાઘાણી,**

**કૃષિ મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૬ના ઓગસ્ટ મહિનાની ૨૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ચેતન પંડ્યા,**
સચિવ,
ગુજરાત વિધાનસભા.